આકાશવાણી, અમદાવાદ

09-10-2025 Midday: 2.30 to 2.35 pm

Thursday Regional News

PREZ GUJARAT VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આજથી 11 તારીખ સુધી રાજ્યનાં ત્રણ દિવસના પ્રવાસે આવશે. આજે સાંજે તેઓ રાજકોટ પહોંચશે. આવતીકાલે સુશ્રી મુર્મૂ સોમનાથ મંદિરમાં દર્શન અને પૂજા કરશે. ત્યારબાદ તેઓ ગીર રાષ્ટ્રીય ઉદ્યાનની પણ મુલાકાત લેશે અને સાસણગીરમાં સ્થાનિક આદિવાસી સમુદાયના લોકો સાથે વાતચીત કરશે.

11 તારીખે સુશ્રી મુર્મૂ દેવભૂમિ દ્વારકાના દ્વારકાધીશ મંદિરમાં દર્શન અને આરતી કરશે. તેઓ અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠના 71-મા પદવીદાન સમારોહમાં પણ ઉપસ્થિત રહેશે.

. . . . . . . . . . . . .

REV GUJ VIBRANT GUJARAT REGIONAL CONFERENCE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે મહેસાણામાં સૌપ્રથમ વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદનો પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે વિશેષ ઉપસ્થિત કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે વૈશ્વિક પડકાર વચ્ચે વિકસિત ભારત બનાવવા દેશની દ્રઢ પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો. તેમણે આ રાષ્ટ્રીય દ્રષ્ટિકોણને પ્રાપ્ત કરવા પાયા તરીકે વિકસિત ગુજરાત બનાવવાના મહત્વ પર પણ ભાર આપ્યો.

રાજ્યના નોંધપાત્ર ઔદ્યોગિક વિકાસ પર પ્રકાશ પાડતા શ્રી વૈષ્ણવે કહ્યું, ગત 11 વર્ષમાં, રાજ્ય-એ સેમિકન્ડકટર અને ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રમાં અનેક વૃદ્ધિ હાંસલ કરી છે. સાથે જ રાજ્યના રેલવે જોડાણનો પણ વિસ્તરણ કરાયો છે. તેમણે કહ્યું, આ સમયગાળા દરમિયાન રાજ્યમાં બે હજાર 764 કિલોમીટર નવી રેલવેલાઈન બનાવવામાં આવી છે.

શ્રી વૈષ્ણવે ભારતની પ્રથમ બૂલેટ ટ્રેન ઑગસ્ટ 2027 સુધીમાં કાર્યરત્ થવાની ધારણા હોવાની જાહેરાત પણ કરી. હાલ 30 જાપાની કેમિકલ અને ગેસ કંપની ટૂંક સમયમાં રાજ્યમાં સેમિ-કન્ડક્ટર માળખાને મજબૂત કરવા તેમના એકમ સ્થાપિત કરશે તેમ પણ શ્રી વૈષ્ણવે ઉમેર્યું. તેમણે ઉદ્યોગકારોને રાજ્યમાં ઝડપથી વિસ્તરતા ઈલેક્ટ્રોનિક ઘટક ઉદ્યોગમાં રોકાણ કરવા આમંત્રણ પણ આપ્યું.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમના સંબોધનમાં જણાવ્યું, વાઈબ્રન્ટ ગુજરાત રોકાણ સંમેલન દ્વારા રાજ્યમાં ગત 24 વર્ષમાં 68 પૂર્ણાંક નવ અબજ ડૉલરનું રોકાણ આવ્યું છે. ગુજરાત આજે ભારતના ઔદ્યોગિક ઉત્પાદનમાં 18 ટકા અને દેશના નિકાસમાં 27 ટકા ફાળો આપે છે.

આ પ્રાદેશિક પરિષદ સ્થાનિક ક્ષેત્રમાં વૈશ્વિક રોકાણને આકર્ષિત કરશે. તેમજ "વૉકલ ફૉર લૉકલ અને લૉકલ ફૉર ગ્લોબલ"ની વિભાવનાને પણ પ્રોત્સાહન આપશે તેમ શ્રી પટેલે ઉમેર્યું.
આ ઉદ્ઘાટન કાર્યક્રમમાં રાજ્ય સરકાર અને વિવિધ ઉદ્યોગ વચ્ચે અનેક સમજૂતી કરાર પર હસ્તાક્ષર પણ થયા.

. . . . . . . . . . . .

## VGRC TRADE SHOW

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવ તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં આજે મહેસાણામાં શરૂ થયેલી વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદમાં ટ્રેડ શૉ અને પ્રદર્શનનું ઉદ્ઘાટન કરાયું. તેમાં વિવિધ ક્ષેત્રની અત્યાધુનિક નવિનતાઓ, ઉત્પાદનો અને ટેક્નોલૉજીનું પ્રદર્શન જોવા મળશે.
ટ્રેડ શૉ અને પ્રદર્શન થકી આર્થિક વિકાસના સંકલ્પના આગળ વધારવા નવીનતા, ઉદ્યોગસાહસિકો, રોકાણકારો, સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ, સ્ટાર્ટ-અપ્સ, વિદેશી ખરીદદારો અને સકારી વિભાગોને એકસાથે લાવવાનો પ્રયાસ છે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . .

## GANDHINAGAR DEMOLITION

ગાંધીનગરમાં દહેગામના બહિયલ ગામમાં કડક પોલીસ બંદોબસ્ત વચ્ચે અસામાજિક તત્વોની 186 જેટલી મિલકતને તોડી પાડવામાં આવી છે. નવરાત્રિ દરમિયાન કાયદાનો ભંગ કરનારા 50 જેટલા લોકોની ગત 10 દિવસથી તપાસ કરી આ કાર્યવાહી કરવામાં આવી છે. આ અંગે ગાંધીનગર જિલ્લાના પોલીસ વડા રવિતેજા વાસમશેટ્ટીએ વધુ માહિતી આપી.

. . . . . . . . . . . .